# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

*************************************************

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચિત કરીને તમામ સહાયની ખાતરી આપી
- ✓ દક્ષિણ ગુજરાત અને કેરળમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ
- ✓ ગુજરાતના વડોદરા એક્સપ્રેસ હાઇવે પર બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં છનાં મોત ... છથી વધુ ઇજાગ્રસ્ત થયાં
- ✓ કે.પી.શર્મા ઓલીને નેપાળના વડાપ્રધાન નિયુક્ત થવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા
- ✓ ભારતની ડિજીટલ ચૂકવણીવર્ષ 2030 સુધીમાં બમણી થઇને સાત ટ્રિલયન ડોલર થવાનું એક અહેવાલમાં અનુમાન ..

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# amit shah- flood states

કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે આજે આસામ, ગુજરાત અને ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રીઓ સાથે વાત કરી અને રાજ્યોમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી. શ્રી શાહે આ રાજ્યોમાં વધેલા પાણીના સ્તર વિશે માહિતી મેળવી. ગૃહ મંત્રીએ તેમને કેન્દ્ર તરફથી શક્ય તમામ સહાય પૂરી પાડવાની ખાતરી આપી..

# RAIN OVERALL

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં, ખાસ કરીને સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાં આજે મુશળધાર વરસાદ વરસ્યો હતો.

સવારે છ થી બપોરે બાર વાગ્યા સુધીમાં સુરતના ઉમરપાડામાં સૌથી વધુ 14 ઈંચ વરસાદ નોંધાયો છે. ગરુડેશ્વર, ટીકલવાડા, નટરંગ વિસ્તારમાં પણ સવારથી જ ઝરમર વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ મોસમી વરસાદના 29.48 ટકા વરસાદ થયો છે જેમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં અત્યાર સુધીમાં સરેરાશ મોસમી વરસાદના 30 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

દરમિયાન હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે જ્યારે આગામી ત્રણ

દિવસમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઘણી જગ્યાએ ભારે વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે....

## FUR.REV. KERALA - RAIN

સમગ્ર કેરળમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે.. રાજ્યના ઉત્તરીય ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે.. આકાશવાણીના તિરુવનંથપુરમના સંવાદદાતા મયુષાના જણાવ્યા અનુસાર મલપ્પુરમ, કન્નુર અને કાસરગોડ જિલ્લાઓમાં આજે રેડ એલર્ટ જાહેર કરાયુ છે. જ્યારે એર્નાકુલમ, થ્રિસુર, પલક્કડ, કોઝિકોડઅને વાયનાડ જિલ્લાઓ ઓરેન્જ એલર્ટ તથા પહાડી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં હાઇ એલર્ટ અપાયું છે

ઘણા સ્થળોએ વાહનવ્યવહાર અને વીજ પુરવઠાની વ્યવસ્થા ખોરવાઇ છે. ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, અધિકારીઓએ આજે વરસાદગ્રસ્ત જિલ્લામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે રજા જાહેર કરી છે. પ્રવાસન સ્થળોએ રેડ એલર્ટ જાહેર કરીનેત્યાં પ્રતિબંધો લાદી દેવાયા છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી 5 દિવસ સુધી ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે અતિભારે વરસાદની આગાહી કરી છે.

દરિયો તોફાની બન્યો  હોવાથી કેરળ, કર્ણાટક લક્ષદ્વીપના દરિયાકાંઠે માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે.

## IMD RAIN

ભારતીય હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, પૂર્વ ઉત્તર પ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે હરિયાણા, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે વાવાઝોડા અને વીજળીની પણ આગાહી કરી છે.

દિલ્હીમાં આજે સવારે વરસાદ થયો હતો, જેના કારણે ગરમી અને ઉકળાટમાંથી લોકોને રાહત મળી હતી. રાષ્ટ્રીય રાજધાનીમાં આજે આંશિક વાદળછાયું આકાશ રહેવાની સંભાવના છે જેમાં હળવો વરસાદ અથવા તોફાનની સંભાવના છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે, લઘુત્તમ તાપમાન 31 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે.

## GUJRAT ACCIDENT

ગુજરાતના આણંદ નજીક અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર આજે સવારે એક માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત અને છ થી વધુ ઇજાગ્રસ્ત થયા છે.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ચિકોરા ગામ નજીક એક ટ્રક બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આણંદ ગ્રામ્ય પોલીસના જણાવ્યા અનુસાર બસના ચાલક સહિત પાંચ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે એક વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઇજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે.

## PM NEPAL OLI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી કે.પી.શર્મા ઓલીને નેપાળના પ્રધાનમંત્રી બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે. એક સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારત અને નેપાળ મિત્રતાના ગાઢ સંબંધોને મજબૂત કરવા અને દ્વિપક્ષીય સહયોગ અને પરસ્પર હિતોને વધુ પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરશે.

## PM- 100 MILLION FOLLOWERS

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર 100 મિલિયન ફોલોઅર્સનો આંકડો  વટાવીને એક નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ 30 મિલિયન ફોલોઅર્સનો વધારો થયો  છે. શ્રી મોદીએ  હવે X પર વિશ્વના સૌથી વધુ અનુસરવામાં આવતા નેતા તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. શ્રી  મોદી અમેરિકાના પ્રમુખ જો બાઇડન સહિત અન્ય વિશ્વ નેતાઓ કરતા ઘણા આગળ છે 100 મિલિયન ફોલોઅર્સ વટાવ્યા પછી, શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેઓ આ વાઇબ્રન્ટ માધ્યમ પર આવીને ખુશ છે અને તેમના ફોલોઅર્સ દ્વારા ચર્ચા, પ્રતિભાવો અને લોકોના મળેલા આશીર્વાદ, રચનાત્મક ટીકા ટિપ્પણીની પ્રશંસા કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીઅમિત શાહે માઈક્રો બ્લોગિંગ સાઈટ X પર 100 મિલિયન ફોલોઅર્સનો આંકડો પાર કરવા બદલ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે દેશમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે શ્રી મોદીની લોકપ્રિયતા વધી રહી છે જેનું આ પ્રમાણ છે.

# JAISHANKAR MARSHALL ISLANDS

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે ભારત અને માર્શલ ટાપુઓ મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોનો લાંબો ઈતિહાસ ધરાવે છે જે વર્ષોથી વિસ્તર્યો છે. માર્શલ ટાપુઓમાં સામુદાયિક વિકાસની ચાર પરિયોજનાઓના અમલીકરણ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર પ્રસંગે એક સંદેશમાં, ડૉ. જયશંકરે કહ્યું કે પેસિફિકમાં આવેલા ટાપુઓ નાના નથી પરંતુ વિશાળ સમુદ્રી દેશો છે.

તેમણે કહ્યું કે પેસિફિક ટાપુઓના વિકાસની યાત્રામાં ભારત તેમની પડખે છે. તેમણે ઉમેર્યું હતું કે જળવાયુ પરિવર્તન, કુદરતી આફતો, ગરીબી નાબૂદી અને આરોગ્ય સંભાળ જેવા પડકારોનો બંને દેશો સાથે મળીને સામનો કરશે.

# DIGITAL-PAYMENT.rtf

ભારતની છૂટક ડિજિટલ ચૂકવણી વર્ષ 2030 સુધીમાં બમણી થઈને 7 ટ્રિલિયન ડોલર થવાની સંભાવના છે કેર્ની અને અમેઝૉન પે દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા સંયુક્ત અહેવાલમાં શક્યતા દર્શાવાઈ છે. આ અહેવાલ અનુસાર છૂટક વ્યવહારો માટે ભારતની ડિજિટલ ચૂકવણી નાણાકીય વર્ષ 2023-24માં વધીને 3.6 ટ્રિલિયન ડોલર થઈ શકે છે જે નાણાકીય વર્ષ 2017-18માં 300 બિલિયન હતી. ઉલ્લેખનીય છે

કે ભારતમાં UPI વ્યવહારો 11 એપ્રિલ, 2016ના રોજ શરૂ કરવામાં આવ્યા હતા.

દેશમાં નાણાકીય વર્ષ 2018 થી 2024 સુધીમાં ડિજિટલ વ્યવહારોના વિવિધ સ્તરોમાં 138 ટકાનો વધારો જોવા મળ્યો છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતનું ઈ-કોમર્સ બજાર વર્ષ 2022માં 80 બિલિયન ડોલરનું રહ્યું છે જેમાં 2030 સુધીમાં 21 ટકાનો વધારો થવાની ધારણા છે. આ અહેવાલ અનુસાર વર્ષ 2022માં વિશ્વની ડિજિટલ ચૂલવણીમાં ભારતનો હિસ્સો 46 ટકા રહ્યો છે.

## AMARNATH YATRA

અમરનાથની યાત્રા કરવા 4875 શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણમાં માટે રવાના થયો હતો.

યાત્રાળુઓ આજે વહેલી સવારે 162 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. બેચમાં 3 હજારો 464 પુરૂષો, 1 હજાર 333 મહિલાઓ, 14 બાળકો, 57 સાધુઓ અને 7 સાધ્વીઓનો સમાવેશ થાય છે.

## REV.-Bahuda-Yatra.rtf

ઓડિશાના પુરીમાં ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન સુદર્શન ગુંડીચા મંદિરમાં આઠ દિવસ ગાળ્યા પછી તેમના નિવાસસ્થાન શ્રી મંદિર પરત ફરશે. ત્રણેય રથોના પરત ફરવાની આ યાત્રા બહુદા યાત્રા તરીકે ઓળખાય છે.

આજે વહેલી સવારથી જ લાખો ભક્તો પુરી અને ગુંડીચા મંદિર ખાતે દર્શનાર્થે ઉમટી પડ્યા છે. પુરીના ગજપતિ દિવ્યસિંહ દેવ લગભગ અઢી વાગ્યે સોનાની સાવરણીથી ત્રણેય રથ પર છેરા પોહરાની વિધિ કરશે. ત્યારબાદ ભક્તો સાંજે 4 વાગ્યે ભગવાન બલભદ્રના પ્રથમ રથ તાલ ધ્વજ ત્યારબાદ દેવી સુભદ્રાના દર્પદલન અને અંતે ભગવાન જગન્નાથના નંદીઘોષ રથને ખેંચીને યાત્રાની શરૂઆત કરાવશે.

બહુદા યાત્રા માટે પુરીમાં ચુસ્ત સુરક્ષા અને અન્ય વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી જગન્નાથ મંદિરના ગર્ભગૃહમાં દેવતાઓની તેમના મૂળ સ્થાને પરત ફરવાની નીલાદ્રી બીજ શુક્રવારે ઉજવાશે.